


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-22 ■ અંક-02 ■ તા. 07-01-2018 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### વિડિયો કોન્ફરન્સિંગ મારફતે તમામ ૧૬ દોષિતોને સજા ફટકારાઈ

# ઘાસચારા કૌભાંડ : દેવઘર કેસમાં લાલૂને સાડા ત્રણ વર્ષની જેલ થઈ

## રાંચીની બિરસામુંડા જેલમાં એક સાથે બેસીને દોષિતોએ ચુકાદો સાંભળ્યો લાલૂ પર પાંચ લાખનો અને અન્યો ઉપર પણ દંડ લદાયો : ભારે સનસનાટી

રાંચી,તા. ૬

ઘાસચારા કૌભાંડના મામલાઓ પૈકીના એક મામલામાં સીબીઆઈની ખાસ અદાલતે આરજેડી વડા અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલૂ પ્રસાદ યાદવને સાડા ત્રણ વર્ષની જેલની સજા આજે ફટકારી હતી. આ ઉપરાંત કોર્ટે લાલૂ ઉપર પાંચ લાખ રૂપિયાનો દંડ પણ લાગૂ કર્યો હતો. મોટી બાબત એ છે કે, લાલૂને જામીન પણ આપવામાં આવ્યા નથી. આના માટે હાઈકોર્ટમાં લાલૂને જવું પડશે. દેવઘર તિજોરીમાં ગેરકાયદેરીતે ૮૯.૨૭ લાખ રૂપિયાની ઉચાપત સાથે સંબંધિત મામલામાં આ ચુકાદો આપવામાં આવ્યો હતો. વિડિયો કોન્ફરન્સિંગ મારફતે લાલૂ સહિત ૧૬ દોષિતોએ રાંચીની બિરસામુંડા જેલમાં એક સાથે બેસીને આ ચુકાદો સાંભળ્યો હતો. દોષિત ઠેરવવામાં આવેલા ફુલચંદ્ર, મહેશ પ્રસાદ, બી જુલિયસ, રાજારામ, રાજેન્દ્ર પ્રસાદ, સુનિલકુમાર, સુધીર કુમાર અને સુશીલ કુમારને સાડા ત્રણ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ચુકાદો ત્રીજી જાન્યુઆરીના દિવસે આવવાનો હતો પરંતુ તારીખ એક એક દિવસ ટળી રહી હતી પરંતુ આજે આખરે સજા કરવામાં આવી હતી. છેલ્લા ત્રણ દિવસથી કોર્ટમાં સુનાવણી દરમિયાન લાલૂ અને જજ વચ્ચે વાતચીતના કેટલાક પ્રસંગ સપાટી ઉપર આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, લાલૂ પ્રસાદ યાદવ પરિવારને ૨૩મી ડિસેમ્બરના દિવસે મોટો ફટકો પડ્યો હતો. બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને આરજેડીના વડા લાલૂ યાદવને ઘાસચારા કૌભાંડમાં વધુ એક મામલામાં રાંચીની સીબીઆઈ કોર્ટે દોષિત જાહેર કર્યા હતા. અલબત્ત કોર્ટે ૨૨ આરોપીઓમાંથી પૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રા સહિત છ લોકોને નિર્દોષ છોડી મુક્યા હતા. લાલૂ યાદવને રાંચી કોર્ટમાંથી સીધીરીતે બિરસામુંડા જેલમાં લઇ જવામાં આવ્યા હતા. ૧૯૯૬માં થયેલા આ કૌભાંડ સાથે જોડાયેલા એક મામલામાં ૨૦૧૩માં નિચલી અદાલતે લાલૂ યાદવને દોષિત જાહેર કર્યા હતા. આ કૌભાંડમાં એવા લોકો ઉપર અલગ અલગ છ કેસો ચાલી રહ્યા છે. લાલૂ ઉપરાંત આરોપીઓમાં બિહારના પૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રા સહિત વિદ્યાસાગર મિસાદ, આરકે રાણા, ધ્રુવ ભગત, આઈએએસ ઓફિસર મહેશ પ્રસાદ, બેક જુલિયસ સહિત ૨૨ લોકો સામે કેસ ચાલી રહ્યો હતો. ઘાસચારા કૌભાંડમાં તત્કાલિન મુખ્યમંત્રી લાલૂ અને જગન્નાથ મિશ્રા ફસાઈ ગયા હતા. ૨૩મી ડિસેમ્બરે ખાસ અદાલતે દેવઘરની સરકારી તિજોરીમાંથી ૮૪.૫૩ લાખ રૂપિયાની ગેરકાયદેરીતે ઉચાપતના મામલામાં લાલૂ યાદવને દોષિત જાહેર કર્યા હતા. આ કેસમાં દોષિત જાહેર થયા બાદ લાલૂને પોતાની સાંસદ તરીકેની છાપ ગુમાવવાની ફરજ પડી હતી અને એકરીતે રાજકીય વનવાસનો સામનો કરી રહ્યા છે. જાન્યુઆરી ૧૯૯૬માં આશરે ૯૫૦ કરોડ રૂપિયાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો તે વખતે તત્કાલીન અધિકારી અમિત ખરેએ પશુપાલન વિભાગની ઓફિસ પર દરોડા પાડ્યા હતા. ત્યારે એવા દસ્તાવેજ મળ્યા હતા જેનાથી જાણવા મળ્યુ કે વર્ષ ૧૯૯૦માં એવી કંપનીઓને સરકારી ભંડોળથી ચારા પુરવઠાના નામ પર પૈસા જારી કરવામાં આવ્યા હતા. જે કંપનીઓ હતી જ નહી. માર્ચ ૨૦૧૨માં ઘાસચારા કૌભાંડ સાથે સંબધિત કેસમાં ૪૪ લોકોની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. સીબીઆઈ કોર્ટે લાલૂ પ્રસાદ યાદવ, જગન્નાથ મિશ્રા, જહાનાબાદના તત્કાલિન જેડીયુ સાંસદ જગદીશ શર્મા સહિત ૩૧ની સામે બાંકા અને ભાગલપુર તિજોરીમાં છેતરપિંડીનો મામલો આરોપ નક્કી કરવામાં આવ્યા હતા. ઓક્ટોબર ૨૦૧૩માં રાંચીની ખાસ સીબીઆઈ કોર્ટે ત્રીજી ઓક્ટોબરના દિવસે ચાઈબાસા તિજોરીમાંથી બનાવટી ઉચાપતના મામલામાં લાલૂ અને જગન્નાથ મિશ્રાને સજા કરી હતી. લાલૂને પાંચ અને જગન્નાથ મિશ્રાને ચાર વર્ષની જેલની સજા થઇ હતી. લાલૂની લોકસભાની મેમ્બરશીપ ખતમ થઇ ગઇ હતી. તેમના ઉપર ચૂંટણી લડવા ઉપર પ્રતિબંધ મુકાયો હતો. ૨૦૧૪માં ઝારખંડ હાઈકોર્ટે બિહારના પૂર્વ મુખ્યમંત્રી સામે ટ્રાયલ પર સ્ટે મુક્યો હતો. ભરચક કોર્ટરુમમાં સીબીઆઈ જજ શિવપાલ સિંહે આ ચુકાદો જાહેર કર્યો હતો. ચુકાદો જાહેર કરવામાં આવ્યો ત્યારે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. કોઇપણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પગલા લેવામાં આવ્યા હતા.



અમદાવાદના કનોરિઆ આર્ટ સેન્ટર ખાતે ચાલી રહેલા ગુજરાત કુલચરલ ફેસ્ટિવલમાં યોજાઈ રહેલા વિવિધ રસસભર કાર્યક્રમો ને માણવા અહીં સાહિત્ય પ્રેમીઓ ઉમટી પડયા છે. તસવીરમાં કાર્યક્રમ સ્થળ પર કલાત્મક રંગબેરંગી છત્રીઓની સુંદર સજાવટ જણાય છે.



આમદાવાદના ઘોડાસર વિસ્તારમાં એક હાઉસિંગ સ્કીમ સંકુલમાં શનિવારે માનવ કંકાલ મળી આવતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ ગઈ હતી. પોલીસે આ અંહે સ્થળ પર તપાસ હાથ ધરી હતી.

# ફી માળખાના મામલે સ્કૂલો માટે ૧૭મીની તારીખ નક્કી

## ૧૭મી સુધીમાં તમામ ખાનગી સ્કૂલોને દસ્તાવેજો તેમજ દરખાસ્ત રજૂ કરવી પડશે : વધુ તક સ્કૂલોને મળશે નહીં

અમદાવાદ,તા.૬

તમામ ચાર ફી રેગ્યુલેટરી કમિટિ (એફઆરસી) દ્વારા ફી માળખાને નક્કી કરવા માટે તેમના અંતિમ દસ્તાવેજો અને દરખાસ્તો રજૂ કરવા તમામ ખાનગી સ્કૂલો માટે ૧૭મી જાન્યુઆરી માટેની મહેતલ રજૂ કરી દીધી છે. અધિકારીઓએ કહ્યું છે કે, દસ્તાવેજોની સાથે ફી નક્કી કરવા માટે અરજી રજૂ કરવામાં જો કોઇ સ્કૂલ નિષ્ફળ રહેશે તો વધુ તક આપવામાં આવશે નહીં. આવી સ્કૂલોને પોતાની રજૂઆત કરવા માટે વધારે કોઇ તક પુરી પડાશે નહીં. આવી સ્કૂલોને એફઆરસી દ્વારા નક્કી કરવામાં આવેલી ફીનો જ ત્યારબાદ સ્વીકારી લેવી પડશે. અત્રે નોંધનીય છે કે, ગુજરાત હાઈકોર્ટે હાલમાં જ અતિ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા ફી રેગ્યુલેશના કાયદાની કાયદેસરની માન્યતાને યોગ્ય ઠેરવી હતી. હાઈકોર્ટના ચુકાદા બાદ એસોસિએશન ઓફ પ્રોગ્રેસીવ સ્કૂલે સુપ્રીમ કોર્ટમાં જવાનો નિર્ણય કર્યો હતો અને રાજ્યના કાયદાને પડકાર ફેંક્યો હતો. બીજી બાજુ રાજ્ય સરકારે આ સંદર્ભમાં કેવેટ દાખલ કરવાનો નિર્ણય કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૭મી ડિસેમ્બરે ગુજરાત હાઈકોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો હતો જેથી વાલીઓને રાહત થઇ હતી. ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) કાયદા-૨૦૧૭ની બંધારણીય કાયદેસરતાનો પડકારતી રાજયભરની સ્વનિર્ભર શાળાઓ તરફથી ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરાયેલી ઢગલાબંધ રિટ અરજીઓ હાઈકોર્ટે એક અતિમહત્વના અને ઐતિહાસિક ચુકાદા મારફતે ધરાર ફગાવી દીધી હતી. ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આર.સુભાષ રેડ્ડી અને જસ્ટિસ વી.એમ.પંચોલની ખંડપીઠે રાજ્ય સરકારના ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) કાયદા-૨૦૧૭નો બહાલ રાખ્યો હતો. ગુજરાત હાઈકોર્ટના આ સીમાચિહ્નરૂપ ચુકાદાને પગલે રાજયભરના વિદ્યાર્થીઓ અને વાલીઓને બહુ મોટી રાહત મળી છે તો, બીજીબાજુ, રાજયના ખાનગી અને સ્વનિર્ભર શાળા સંચાલકો સામે નીતિવિષયક નિર્ણયના મામલે રાજય સરકારની ગુજરાત હાઈકોર્ટમાં જીત થઇ છે.

# બટાકાની કિંમત પ્રતિ ૨૦ કિલો બે રૂપિયા પહોંચી છે

પાલનપુર,તા.૬

ઉત્તર ગુજરાતમાં બટાકાની ખેતી સાથે જોડાયેલા ખેડૂતો હાલમાં મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તેમની પાસે બટાકાનો જંગી જથ્થો થયેલો છે. ઘણી જગ્યાએ તો ડિસા નજીક ગૌશાળામાં પણ બટાકાના જથ્થાને ફેંકી દેવામાં આવ્યો છે. કિંમતો ખુબ નીચી સપાટીએ પહોંચી રહી છે. બટાકાની કિંમત બે રૂપિયાથી લઈને ૬ રૂપિયા પ્રતિ ૨૦ કિલો પહોંચી રહી છે. ૧૭મી જાન્યુઆરીથી બટાકાનો નવો જથ્થો પણ પહોંચનાર છે. આવી સ્થિતિમાં ખેડૂતો પણ ઓછી કિંમતો બટાકાને વેચવા માટે આગળ આવી રહ્યા છે. ખેડૂતો જેમની પાસે બટાકાનો જંગી જથ્થો છે તેઓ ઓછી કિંમતે ઉતાવળમાં જથ્થાને વેચી રહ્યા છે. કોલ્ડ સ્ટોરેજ ઓનર્સ એસોસિએશનના પ્રમુખ ગણપત કાછવાએ કહ્યું છે કે, અમારી પાસે ૨૦ લાખ બેગ (દરેકમાં ૫૦ કિલો) ૨૦૦ કોલ્ડ સ્ટોરેજમાં પડેલી છે. ડિસાની આસપાસ રહેલા કોલ્ડ સ્ટોરેજમાં આ જથ્થો પડેલો છે. ૧૫મી જાન્યુઆરી સુધી નવો જથ્થો પણ પહોંચી રહ્યો છે. આવી સ્થિતિમાં નવા જથ્થા માટે પણ કોઇ જગ્યા રહેશે નહીં. ડિસ્ટ્રીક્ટ એગ્રીકલ્ચર ઓફિસર (બનાસકાંઠા) પીકે પટેલનું કહેવું છે કે, બટાકાની ખેતી હેઠળના વિસ્તારમાં ગયા વર્ષે ૬૬૧૭૦ હેક્ટર કરતા ૨૦૧૭માં વિસ્તાર વધીને ૭૮૦૮૯ હેક્ટર થતાં ખેતી વધુ થઇ છે. રાજયમાં ડિસામાં કુલ બટાકા ઉત્પાદન પૈકી ૭૦ ટકા ઉત્પાદન થાય છે. ખેડા, મહેસાણા અને સાબરકાંઠા જિલ્લામાં પણ મોટાપાયે બટાકાનું ઉત્પાદન કરવામાં આવે છે. ડિસામાં બટાકા સાથે જોડાયેલા ખેડૂતોનું કહેવું છે કે, અમે ૪૦ રૂપિયાના ભાવે ૫૦ કિલોનું વેચાણ કરવા તૈયાર છીએ છતાં પણ કોઇ ખરીદદાર મળી રહ્યા નથી. જાણકાર લોકોનું કહેવું છે કે, બટાકાના જતન માટે યોગ્ય પગલા લેવામાં આવે તે જરૂરી છે જેથી આગામી દિવસોમાં જટિલ સ્થિતિને ટાળી શકાય છે.

### એસજી હાઈવે પરના ૬૫ ધંધાર્થીઓને નોટિસ

# એસજી હાઈવે ઉપર ખાણી-પીણીના કારોબારીઓને દંડ

## અમ્યુકો દ્વારા હવે દક્ષિણ, ઉત્તર અને પૂર્વ ઝોનમાં સપાટો બોલાવાય તેવી વકી : ખાણી-પીણી ધંધાર્થીઓમાં ફફડાટ

અમદાવાદ,તા.૬

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એસજી હાઈવે પરની ખાણી-પીણીની દુકાનો અને સ્થળો પર ઝુંબેશ હાથ ધરાઇ હતી, જેમાં અમ્યુકો તંત્રના અધિકારીઓ દ્વારા ગઇકાલે સાંજે એસજી હાઈવે પર ખેતલા આપા ટી સ્ટોલ સહિતના ખાણી-પીણીના સ્ટોલ્સ અને લારી ગલ્લાવાળાઓને એંઠવાડ ફેંકવા, ગંદકી ફેલાવવા, આડેધડ પાર્કિંગ સહિતની બાબતોને લઇ સ્થળ પર દંડ વસૂલવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સત્તાવાળાઓએ ખાણી-પીણીના ધંધાર્થીઓ પાસેથી કુલ રૂ.૩૦ હજારના દંડની વસૂલાત કરી હતી. જેને પગલે ખાણી પીણી ધંધાર્થીઓમાં ભારે ફફડાટની લાગણી ફેલાઇ ગઇ હતી. એસજી હાઈવે પર આવેલા આવા કસૂરવાર ૬૫ જેટલા ખાણી-પીણી ધંધાર્થીઓને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા કાયદેસર નોટિસ પણ ફટકારવામાં આવી હતી. અમ્યુકોના અધિકારીઓએ આવા ખાણી-પીણી ધંધાર્થીઓને ફરીથી ગંદકી નહી ફેલાવવા કે જાહેરમાં એંઠવાડ નહી ફેંકવા સહિતની કડક સૂચનાઓ આપી હતી અને નહી તો, વધુ આકરા અને શિક્ષાત્મક કાર્યવાહી કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. અમદાવાદ શહેરમાં માણેકચોક, લો ગાર્ડન, વસ્ત્રાપુર તળાવ સહિતના ખાણી-પીણી બજારોમાં મોડી રાત સુધી ધમધમાટ ચાલુ રહેતો હોવાથી તેમ જ આવા સ્ટોલ્સ અને લારી ગલ્લાવાળાઓ દ્વારા જાહેરમાં ગંદકી ના ફેલાવાય અને આરોગ્યપ્રદ વાતાવરણની જાળવણી માટે અમ્યુકો તંત્ર દ્વારા અગાઉ પણ વારંવાર સૂચનાઓ અપાઇ હતી. આ જ સ્થિતિ છેલ્લા કેટલાક સમયથી એસજી હાઈવે પર પણ પ્રવર્તતી હતી. જો કે, એસજી હાઈવે પરના મોટાભાગના ખાણી-પીણી ધંધાર્થીઓ અને લારી-ગલ્લાવાળાઓ દ્વારા અમ્યુકોની સૂચનાઓની ઐસીતૈસી કરીને જાહેરમાં ગંદકી, એંઠવાડ ફેંકવા, આડેધડ પાર્કિંગ સહિતના ન્યુસન્સ ફેલાવાતા હતા, જેની ગંભીર નોંધ લઇ ગઇકાલે અમ્યુકોએ એસજી હાઈવે પર ડ્રાઇવ ચલાવી સપાટો બોલાવ્યો હતો અને ૬૫ જેટલા ખાણી-પીણીના ધંધાર્થીઓ અને સ્ટોલ્સવાળાઓને ત્યાં અચાનક જ ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં મોટાભાગના સ્ટોલ્સવાળા ગંદકી ફેલાવવા ઉપરાંત નિયમોનો ભંગ કરતાં રંગેહાથ ઝડપાયા હતા., જેથી અમ્યુકો તંત્રએ સ્થળ પર જ આવા એકમો પાસેથી રૂ.૩૦ હજાર સુધીના દંડની વસૂલાત કરી હતી.

હવે આગામી દિવસોમાં શહેરના દક્ષિણ, ઉત્તર અને પૂર્વ વિસ્તારમાં અમ્યુકો તંત્ર દ્વારા સપાટો બોલાવાય તેવી શકયતા છે. જો કે, અમ્યુકો તંત્રની આ ડ્રાઇવ(ઝુંબેશ)ને પગલે ખાણી-પીણીના ધંધાર્થીઓ અને સ્ટોલ્સવાળાઓમાં ભારે ફફડાટની લાગણી ફેલાઇ ગઇ હતી.





ઉત્તરાયણ નું પર્વ નજીક આવતા હવે અમદાવાદમાં પતંગ-દોરીનું બજાર ધમધમવા લાગ્યું છે. તેમાંય પતંગ રસિયા ગ્રાહકોને આકર્ષવા બોલિવૂડ એક્ટ્રેસની તસવીરો સાથેના પતંગોનું ધૂમ વેચાણ થઇ રહ્યું છે. વેપારીઓનું કહેવું છે કે કરીના કપૂર, પ્રીતિ ઝિંટા, ઐશ્વર્યા અને પ્રિયંકા ચોપરા ધરાવતા પતંગોની માંગ વધુ છે!! અન્ય દ્રવ્યમાં સુરતી માંજાની ફીરકીઓ વેચાણ માટે ગોઠવાઈ ગઈ છે.

### હેલ્થ વિભાગની ઘોર બેદરકારી સામે આવી

# તબીબ નહીં નર્સીંગ સ્ટાફના ભરોસે અર્બન હેલ્થ સેન્ટર

### વિરાટનગર અર્બન હેલ્થ સેન્ટરમાં વિપક્ષના નેતાની મુલાકાત દરમિયાન થયો ખુલાસો : દર્દીના સ્વાસ્થ્ય સામે ખતરો

અમદાવાદ, તા.૦૬

રાજ્ય સરકાર અને મહાનગરપાલિકાઓ સંચાલિત અર્બન હેલ્થ સેન્ટરમાં મોટાપાયે બેદરકારી દાખવવામાં આવતી હોવાની ફરીયાદ ઉઠવા પામી છે. ત્યારે અમદાવાદના વિરાટનગર સ્થિત અર્બન હેલ્થ સેન્ટરમાં તબીબોના સ્થાને નર્સિંગ સ્ટાફ દર્દીઓની સારવાર કરતો હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. અમદાવાદ મહાનગરપાલિકા સંચાલિત આ અર્બન હેલ્થ સેન્ટરમાં વિપક્ષના નેતાની ઓચીંતી મુલાકાત દરમિયાન આ ખુલાસો થયો છે. વિપક્ષના નેતા પોતે સારવાર માટે પહોંચ્યા હતા. જ્યાં તબિબની જગ્યાએ નર્સિંગ સ્ટાફે જ તેમની સારવાર કરી હતી. ત્યારે વિપક્ષના નેતાનો આક્ષેપ છે કે અર્બન હેલ્થ સેન્ટરના મુખ્ય તબીબ વિપુલ પ્રજાપતિ પોતાની ચેમ્બરમાં જ બેસી રહ્યા હતા. તે કોઈ દર્દીની સારવાર માટે ચેમ્બરમાંથી બહાર પણ નીકળતા નથી. તેમની જગ્યાએ નર્સિંગ સ્ટાફમાં કાર્યરત ટેરેન્સ ક્રિશ્ચિયન દ્વારા જ દર્દીઓની સારવાર કરવામાં આવે છે. અર્બન હેલ્થ સેન્ટરમાં મોટાપાયે સ્થાનિક લોકો પોતાના નાની-મોટી શારીરિક તકલીફોમાં સારવાર માટે જતા હોય છે. ત્યારે આ પ્રકારની ગંભીર બેદરકારીના કારણે કેટલીક વખત દર્દીઓના જીવ જોખમમાં પણ મુકાઈ શકે છે. આ મામલે વિરોધ પક્ષના નેતાએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ વિભાગની કામગીરી સામે સવાલ ઉઠાવ્યા છે. તેમજ આ મુદ્દાને એએમસીની સામાન્ય સભામાં ઉઠાવવાની પણ ખાતરી આપી છે. મહત્વનુ છે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્લમ વિસ્તારમાં આરોગ્યલક્ષી સેવાઓ આપવા માટે શહેરમાં કુલ ૮૯ અર્બન હેલ્થ સેન્ટર અને ચાર કોમ્યુનિટી સેન્ટર ચલાવવામાં આવે છે. જોકે આ સેન્ટરમાં મોટાપાયે તબીબી સ્ટાફની અછત હોવાનુ પણ સામે આવ્યુ છે.

### એક એક દિવસ સજા ટળ્યા બાદ અંતે સજા કરાઈ

# ચારા કેસ : પૂર્ણ ટાઈમ લાઈન

- ૬ઠ્ઠી જાન્યુઆરી ૨૦૧૮ના દિવસે લાલૂ અને અન્ય ૧૬ અપરાધીઓને ચારા કૌભાંડમાં દેવઘર તિજોરીમાંથી ઉચાપતના કેસમાં સાડા ત્રણ વર્ષની જેલની સજા કરવામાં આવી હતી. લાલૂ ઉપર પાંચ લાખનો દંડ લદાયો હતો. ત્રીજીએ ચુકાદો આવનાર હતો પરંતુ એક એક દિવસ કરીને સજા અંગેની જાહેરાત ટળી ગઈ હતી
- ૩જી જાન્યુઆરી ૨૦૧૮ના દિવસે લાલૂને સજા અંગેની જાહેરાત એક દિવસ માટે ટાળી દેવામાં આવી. કારણ કે, એડવોકેટ વિંદેશ્વરી પ્રસાદનું અવસાન થયું હતું
- ૨૩મી ડિસેમ્બર : લાલૂ યાદવ અને અન્યોને ચારા કૌભાંડના કેસમાં દોષિત જાહેર કરાયા. સજાની જાહેરાત ત્રીજી જાન્યુઆરીએ કરાશે
- ૧૩મી ડિસેમ્બર ૨૦૧૭ : શિવપાલસિંહની સીબીઆઈ કોર્ટમાં કેસ નંબર આરસી-૬૪એ/૯૬માં સુનાવણી પૂર્ણ કરાઈ હતી. ચુકાદો શનિવારે આપવાની વાત કરાઈ હતી
- ૮મી મે ૨૦૧૭ : સુપ્રીમ કોર્ટે બે દશક જુના ચારા કૌભાંડ કેસના સંબંધમાં લાલૂ સામે ફોજદારી કાવતરાના આરોપોનો આદેશ કર્યો હતો
- નવેમ્બર ૨૦૧૪ : લાલૂ યાદવે સીબીઆઈ કોર્ટના ૨૦૦૬ના ચુકાદાને પડકાર ફેંકીને ઝારખંડ હાઈકોર્ટમાં અપીલ કરી હતી. આ ચુકાદામાં ઘાસચારા કૌભાંડ કેસની અંદર છ કેસોમાં તેમના નામનો ઉલ્લેખ કરાયો હતો. હાઈકોર્ટે ઠેરવ્યું હતું કે, કાર્યવાહી આઈપીસીની કલમ ૨૦૧ અને ૫૧૧ હેઠળ ચાલુ રહેશે. અન્ય આરોપો એવા આધાર પર પડતા મુકવામાં આવ્યા છે કે એક વખતે અપરાધી ઠેરવવામાં આવેલા અથવા તો નિર્દોષ છોડી દેવામાં આવેલા વ્યક્તિ સામે એજ ગુના માટે ખટલો ચલાવી શકાય નહીં
- ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૩ : સીબીઆઈ કોર્ટે લાલૂ અને અન્ય ૪૪ લોકોને ઘાસચારા કૌભાંડમાં અપરાધી ઠેરવ્યા હતા. આની સાથે જ લાલૂ છ વર્ષ માટે ચૂંટણી લડવાથી ગેરલાયક થઇ ગયા હતા. ભૂતપૂર્વ મુખ્યમંત્રીને લોકસભાના સભ્ય તરીકે ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા
- ૧૩મી ઓગસ્ટ ૨૦૧૩ : લાલૂ યાદવની ટ્રાયલ કોર્ટના જજની બદલી માટેની અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી
- પહેલી માર્ચ ૨૦૧૨ : બનાવટી બિલને લઇને બાંકા અને ભાગલપુરની તિજોરીમાંથી ૪૬ લાખ રૂપિયાની ઉચાપત મામલામાં લાલૂ, જગન્નાથ મિશ્રા, જગદીશ શર્મા અને અન્ય ૩૧ની સામે આરોપો ઘડવામાં આવ્યા હતા
- બીજી એપ્રિલ ૨૦૧૦ : સુપ્રીમ કોર્ટે ઠેરવ્યું હતું કે, સીબીઆઈના ૨૦૦૬ના ચુકાદાને પડકાર ફેંકી રજૂઆત કરવા માટે રાજ્ય સરકાર કોઇ સંબંધિત સત્તા નથી
- ૩૧મી મે ૨૦૦૭ : લાલૂના ભત્રીજા, પશુસંવર્ધન વિભાગના બે પૂર્વ ક્ષેત્રિય ડિરેક્ટરો, ચાર સપ્લાયર સહિત ૫૮ લોકોને પાંચથી છ વર્ષની જેલની સજા કરવામાં આવી હતી
- ૧૮મી ડિસેમ્બર ૨૦૦૬ : સ્પેશિયલ સીબીઆઈ કોર્ટમાં સાત વર્ષ પહેલા સીબીઆઈ દ્વારા તેમની સામે દાખલ કરવામાં આવેલા અપ્રમાણ સંપત્તિ કેસમાં આરોપોમાંથી લાલૂ અને તેમના પત્નિ રાબડી દેવીને નિર્દોષ જાહેર કરાયા હતા
- ફેબ્રુઆરી ૨૦૦૨ : રાંચીમાં ખાસ સીબીઆઈ કોર્ટમાં ટ્રાયલ શરૂ થઇ હતી
- ૫મી ઓક્ટોબર ૨૦૦૧ : નવા રાજ્યની રચનાના કારણે આ કેસને ઝારખંડ હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવાની ફરજ પડી હતી
- ૯મી જૂન ૨૦૦૦ : કોર્ટમાં યાદવ સામે આરોપો ઘડવામાં આવ્યા હતા
- ૧૦મી મે ૨૦૦૦ : હાઈકોર્ટે લાલૂને જામીન આપ્યા હતા અને ૨૫ વખત જામીનને લંબાવ્યા હતા
- ૫મી એપ્રિલ ૨૦૦૦ : લાલૂ અને રાબડી દેવીએ સીબીઆઈ કોર્ટમાં શરણાગતિ સ્વીકારી હતી. રાબડીને જામીન મળ્યા હતા અને લાલૂને ફરી જેલભેગા કરવામાં આવ્યા હતા. કારણ કે જજે તેમની જામીન અરજી ફગાવી હતી
- ચોથી એપ્રિલ ૨૦૦૦ : લાલૂ યાદવ અને રાબડી દેવી સામે ચાર્જશીટ દાખલ કરાઈ હતી
- ૧૯મી ઓગસ્ટ ૧૯૯૮ : અપ્રમાણ સંપત્તિ કેસ લાલૂ અને તેમના પત્નિ સામે દાખલ કરાયો હતો
- ૩૦મી જુલાઈ ૧૯૯૭ : બિહારના મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપ્યા બાદ લાલૂએ કોર્ટમાં શરણાગતિ સ્વીકારી હતી
- ૨૩મી જૂન ૧૯૯૭ : સીબીઆઈ દ્વારા લાલૂ અને ૫૬ લોકો સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી
- ૯૪૦ કરોડ રૂપિયાનો મામલો સૌથી પહેલા ૧૯૯૬માં સપાટી ઉપર આવ્યો હતો. ત્યારબાદ તપાસનો દોર શરૂ થયો હતો
- તત્કાલિન અધિકાર અમિત ખરેએ પશુપાલન વિભાગની ઓફિસ ઉપર દરોડા પાડ્યા હતા

### સાડા ત્રણ વર્ષની સજા કરાયા બાદ લાલૂ યાદવની ટ્વિટર પર પ્રતિક્રિયા

# ભાજપ સામે ઝુંકવાના બદલે ન્યાય માટે મરવાનું જ પસંદ કરશે : લાલૂ

### લાલૂ સામે ભાજપ અને નીતિશકુમાર દ્વારા કાવતરાઓ ઘડવામાં આવ્યા છે લાલૂને સજા બાદ આરજેડીની બેઠક : સજા સામે હાઈકોર્ટમાં જવાની તૈયારી

રાંચી,

સનસનાટીપૂર્ણ ઘાસચારા કોંભાડના બીજા કેસમાં સાઢા ત્રણ વર્ષની સજા કરવામાં આવ્યા બાદ આરજેડી નેતા લાલુ પ્રસાદ યાદવે કહ્યુ હતુ કે ભાજપની સામે ઝુંકવાના બદલે તેઓ સામાજિક ન્યાય માટે મરવાનુ પસંદ કરશે. લાલુએ ટ્વીટ કરીને કહ્યુ હતુ કે ભાજપના શાસનન સામે તેઓ ક્યારેય ઝુંકશે નહી. સામાજિક ન્યાય, એકતા અને કોમી એખલાશ માટે ખુશી ખુશી મરવાનુ તેઓ પસંદ કરશે. સજા પહેલા પત્રકારો સાથે વાતચીત કરતા આરજેડીના નેતાઓએ ભાજપ અને નીતિશકુમાર ઉપર લાલૂ સામે કાવતરા ઘડવાનો આક્ષેપ કર્યો હતો. લાલૂ યાદવના પુત્ર તેજસ્વીએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ હતું કે, જો લાલૂ ભાજપ સાથે બાંધછોડ કરી લે તો રાજા હરિશચંદ્રની જેમ લાલૂ સૌથી વિશ્વાસપાત્ર વ્યક્તિ બની જશે અને સત્ય બોલનાર વ્યક્તિ બની જશે. એક બાબત સ્પષ્ટ છે કે, ભાજપ અને સંઘના લોકો લાલૂથી ભયભીત હતા. લાલૂ જેલમાં રહેશે તો પણ ગતિવિધિ તેમની ચાલુ રહેશે અને વિરોધીઓને મુશ્કેલી ઉભી કરશે. સીબીઆઈની અદાલતે આજે લાલૂને સાડા ત્રણ વર્ષની જેલની સજા ફટકારી હતી. આઈપીસી અને ભ્રષ્ટાચાર અટકાયત ધારાની કલમ હેઠળ લાલૂને સજા કરવામાં આવી છે. લાલૂના પુત્ર તેજસ્વીએ કહ્યું હતું કે, તેઓ સિંહ લાલૂના પુત્ર છે જેથી ભયભીત થશે નહીં. તેજસ્વીએ વિરોધીઓ ઉપર પ્રહાર કર્યા હતા. તેમને હોદ્દાને લઈને કોઇ લાલચ નથી. તેજસ્વીએ ઉમેર્યુ હતું કે, તમામ લોકોએ તેમના ઉપર વિશ્વાસ કર્યો છે અને આ વિશ્વાસને અકબંધ રાખશે. બિહારના લોકો લાલૂની સાથે છે. લાલૂ યાદવ જેલમાં જવાથી તમામ ચીજો ખતમ થઇ જશે તેમ વિરોધી માની રહ્યા છે પરંતુ બિહારની પ્રજા તેમની સાથે છે. લાલૂને સજા કરવામાં આવે તે પહેલા આરજેડીની મહત્વની બેઠક યોજાઈ હતી જેમાં તેજસ્વીએ કહ્યુ હતુ કે, પાર્ટી એકમત છે. આ બેઠકમાં ધારાસભ્યો સહિત પાર્ટીના તમામ લોકો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં લાલૂ યાદવનો પત્ર નેતાઓમાં વહેંચવામાં આવ્યો હતો. તેજસ્વીએ કહ્યું હતુ કે, ચુકાદો આવ્યા બાદ લાલૂએ જેલમાંથી આ પત્ર લખ્યો હતો અને આ પત્ર જન જન સુધી પહોંચાડવા માટે લાલૂ ઈચ્છુક છે. તમામ બિહારવાસીઓમાં આ પત્ર પહોંચાડવામાં આવશે. તેજસ્વીએ કહ્યું હતું કે, આરજેડીમાં કોઇ ભંગાણ થનાર નથી. સમગ્ર પરિવારને હેરાન કરવાના પ્રયાસો થઇ રહ્યા છે. આ ચુકાદાની સામે હાઈકોર્ટમાં અપીલ કરાશે. લાલૂના પુત્ર તેજપ્રતાપે કહ્યું હતું કે, અમને આશા છે કે, લાલૂને જામીન મળી જશે. આરજેડીએ હાઈકોર્ટમાં જવાની વાત કરી છે. આરજેડીના પ્રવક્તા મનોજકુમાર ઝાએ કહ્યું હતું કે, હાઈકોર્ટમાં અપીલ કરાશે.

### એક પ્રકરણનો અંત આવ્યો છે : કેસી ત્યાગી

# લાલૂને સજા અંગેના ચુકાદાનું જેડીયુ દ્વારા કરાયેલું સ્વાગત

### બિહારની રાજનીતિમાં ચુકાદો ઐતિહાસિક સાબિત થશે ભ્રષ્ટાચારીઓને સજા થવી જોઈએ : ભાજપની પ્રતિક્રિયા

રાંચી,

ઘાસચારા કૌભાંડ કેસમાં ચુકાદો આવ્યા બાદ બિહારમાં રાજકીય પક્ષોએ જુદી જુદી પ્રતિક્રિયાઓ આપી છે. જેડીયુએ આ ચુકાદાનું સ્વાગત કર્યું છે. જેડીયુના વરિષ્ઠ નેતા કેસી ત્યાગીએ કોર્ટના ચુકાદા ઉપર ખુશી વ્યક્ત કરી છે. ત્યાગીએ કહ્યું છે કે, અમે ચુકાદાનું સ્વાગત કરીએ છીએ. આ ચુકાદો બિહારની રાજનીતિમાં એક ઐતિહાસિક નિર્ણય સાબિત થશે. લાલૂના નામનો ઉલ્લેખ કર્યા વગર તેમણે કહ્યું હતું કે, એક પ્રકરણનો હવે અંત આવી ગયો છે. બીજી બાજુ ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રવક્તા જીવીએસ નરસિંહારાવનું કહેવું છે કે, આ ચુકાદો દાખલારુપ છે. આ ચુકાદાથી દેશમાં એવો સંદેશો જશે કે કોઇ પણ વ્યક્તિ કેટલી પણ મોટી કેમ ન હોય. કાયદા કાયદાની રીતે કામ કરશે. ભ્રષ્ટાચારમાં જે લોકો પણ સામેલ છે તેને સજા થવી જોઈએ. સમાજમાં આના કારણે એક મજબૂત સંદેશો જશે. અન્ય પાર્ટીઓએ પણ પોતપોતાનીરીતે પ્રતિક્રિયાઓ આપી છે.

# શાળાઓએ બાંહેધરી ફી વિદ્યાર્થીને પરત આપવી પડશે

અમદાવાદ, તા.૦૬

ગુજરાતમાં શિક્ષણના નામે ચલાવવામાં આવી રહેલ ઊઘાડી લૂંટ વચ્ચે ખાનગી શાળાઓ દ્વારા ફીમાં તોતિંગ વધારો કરવામાં આવતા તેના ઘેરા પ્રત્યાઘાત રાજ્યમાં પડ્યા છે, ત્યારે વાલીઓના ઉગ્ર વિરોધ બાદ સફાળી જાગેલી રાજ્ય સરકારે ખાનગી શાળાઓ પર શકંજો કસવાની શરુઆત કરી છે. સરકારે ખાનગી શાળાઓને ફરમાન જાહેર કર્યુ છે કે વિદ્યાર્થીઓના પ્રવેશ સમયે લીધેલ બાંહેધરી ફી પરત નહીં કરનાર શાળાઓ સામે દંડાત્મક પગલા ભરવામાં આવશે. સરકારે ફી પરત કરવા માટે શાળાઓને ૩૦ દિવસનો સમય આપ્યો છે. તેમજ આદેશનુ ચુસ્તપણે પાલન કરવા માટે તમામ જિલ્લા શિક્ષણ અધિકારીઓને જણાવી દેવામાં આવ્યુ છે. સાથે જ જિલ્લા અધિકારીઓ પાસે તેમના વિસ્તારમાં આવતી શાળાઓની ફી અંગેનો તમામ વિગતવાર રીપોર્ટ શિક્ષણ વિભાગને સોંપવા માટે આદેશ કરવામાં આવ્યો છે. મહત્વનુ છે કે, દરેક શાળાઓ વિદ્યાર્થીઓ પાસેથી સત્ર ફી ઉપરાંત પ્રવેશ સમયે બાંહેધરી ફી લેતી હોય છે. વિદ્યાર્થી જ્યારે શાળા છોડે ત્યારે આ બાંહેધરી ફી પરત કરવાની હોય છે. પરંતુ કેટલીક શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને આ બાંહેધરી ફી પરત ન કરવામાં આવતી હોવાની ફરીયાદ ઉઠવા પામી છે.

### બજેટમાં થઈ શકે છે રાહતનો વરસાદ

# રૂપાણી સરકારના બજેટમાં કૃષિ ક્ષેત્રને અપાશે પ્રાધાન્ય

### વર્ષ ૨૦૧૮-૧૯નુ બજેટ ૨૦થી ૨૫ હજાર કરોડના વધારા સાથે બે લાખ કરોડ સુધી પહોંચે તેવી શક્યતા

અમદાવાદ, તા.૦૬

ગુજરાત સરકાર આગામી સમયમાં વર્ષ ૨૦૧૮-૧૯ માટે પોતાનુ બજેટ જાહેર કરવા જઈ રહી છે ત્યારે આ વખતના બજેટમાં ૨૦૧૯ની ચુંટણીને ધ્યાનમાં રાખી રાહતનો વરસાદ થાય તેવી શક્યતા છે. અત્યારે ગ્રામ્ય વિસ્તારમાં અને ખાસ કરીને ખેડૂતોમાં સરકાર પ્રત્યે તીવ્ર નારાજગી છે. તેમજ સામાન્ય લોકોમાં પણ મોંઘવારી જેવા પ્રશ્નોને લઈને સરકાર પ્રત્યે ભારે નારાજગી છે ત્યારે આગામી મહિને રજુ થનાર આ બજેટમાં કૃષિ ક્ષેત્ર પર ભાર આપવામાં આવે તેવી શક્યતા છે. સુત્રોના જણાવ્યા મુજબ, આગામી વર્ષનુ બજેટ ૨૦થી ૨૫ હજાર કરોડ રૂપિયાના વધારા સાથે ૨ લાખ કરોડના આંકડાને આંબી જાય તેવી શક્યતા છે. સામાન્ય રીતે ચુંટણી બાદ સરકારે નવી ચુંટણીનો સામનો કરવાનો ન હોવાથી બજેટમાં કડક જોગવાઈઓ કરવામાં આવતી હોય છે. પરંતુ આ વખતે રૂપાણી સરકાર કડક જોગવાઈઓ કરી શકે તેવી સ્થિતિમાં નથી. કારણકે, સરકાર પાસે એટલુ મજબુત બહુમત નથી, તેમજ તમામ લોકોને ખુશ કરવાનો પડકાર પણ રહેલો છે. કારણકે ૨૦૧૯માં લોકસભાની ચુંટણી આવી રહી છે, જે નરેન્દ્ર મોદી માટે ખૂબ જ મહત્વની છે. જેથી આ વખતના બજેટમાં ગ્રામીણ ક્ષેત્રોને પ્રાથમિક્તા આપવામાં આવશે તે પણ નક્કી છે. વર્તમાન બજેટની ૨૨ ટકા રકમ ગ્રામીણ વિસ્તારો માટે વપરાય છે, જેને વધારીને ૨૫ ટકા કરવામાં આવે તેવી શક્યતા છે. ખાસ કરીને કૃષિ લોનમાં રાહત આપવામાં આવી શકે છે. સાથે જ વીજ બિલમાં ઘટાડો, ખેડૂતો માટે દરેક જિલ્લા સ્તરે નવા ગોડાઉન બનાવવા, દૂધાળા પશુ ખરીદવા, લોનરુપી સહાય, ગ્રામીણ આવાસ યોજનામાં સબસીડીમાં વધારો, ગામડાઓને જોડતા આંતરીક માર્ગ બનાવવા જેવી જાહેરાતો થઈ શકે છે.


**જન ફરિયાદ**

તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

**ગાંધીનગર મુખ્ય કાર્યાલય**

બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ, સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

**એડીટોરીયલ ચીફ : બકુલ એ. રાવલ**

**અમદાવાદ મુખ્ય કાર્યાલય**

૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : **નિલેશભાઈ રાવલ**

૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.


'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી

**તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.**
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001